દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૧૮ એપ્રિલ, ૨૦૨૬

# રાજકીય પક્ષો પોતાના પદને શોભાવે તેવી મહિલાઓને ટિકિટ આપશે તો જ મહિલા અનામત બિલ સાર્થક બનશે

દેશમાં લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવા માટેના નારી શક્તિ વંદન અધિનિયમનો અમલ તા.16મી એપ્રિલથી શરૂ કરી દેવામાં આવ્યો. અગાઉ 2023માં આ બિલ પર જ્યારે મતદાન થયું ત્યારે આ બિલની તરફેણમાં 454 અને વિરુદ્ધમાં 2 મત પડ્યા હતા. જોકે, તા.17મી એપ્રિલના રોજ બંધારણીય સુધારા પર કેન્દ્ર સરકારને પછડાટ મળતાં મહિલા અનામત બિલ પણ પાસ થઈ શક્યું નથી. જોકે, આ બિલે ભારતમાં એક નવો જ યુગ શરૂ કર્યો છે. જે મહિલાઓનો યુગ છે. અત્યાર સુધી દેશના રાજકારણમાં મોટાભાગે પુરૂષોનું જ પ્રતિનિધિત્વ હતું પરંતુ હવેથી ઓછામાં ઓછી 33 ટકા મહિલાઓ જ હશે. રાજકીય પક્ષોએ હવે સત્તા માટે મહિલાઓને આગળ કરવી પડશે. આજે ભલે મહિલાઓ માટે અનામત બિલની વાત થતી હોય પરંતુ શરૂઆતમાં મહિલા અનામતનો સૌથી મોટો વિરોધ મહિલા નેતાઓએ જ કર્યો હતો! બંધારણ સભાની ચર્ચાઓ દરમિયાન ઘણી મહિલા સભ્યો માનતી હતી કે આઝાદ ભારતમાં મહિલાઓએ યોગ્યતાના બળે આગળ આવવું જોઈએ, અનામતની જરૂર નથી. તેમની દલીલ હતી કે લોકશાહી મહિલાઓને પોતાનું સ્થાન આપી દેશે. પરંતુ સમય જતાં આ આશાવાદ ઓગળી ગયો અને સમજાયું કે સમાજમાં માળખાકીય અવરોધો એટલા મજબૂત છે કે 'સમાન તક'ની વાત માત્ર કલ્પના જ છે. આથી વિચાર બદલાયો અને 1990ના દાયકા સુધી આવતાં આવતાં મહિલાઓ માટે 33% અનામતની માંગ જોર પકડવા લાગી. 1996માં એચ.ડી. દેવગૌડાની સરકારે સૌપ્રથમવાર આ બિલ રજૂ કર્યું હતું. તે સમયે કોંગ્રેસ, ડાબેરીઓ અને દક્ષિણના પક્ષોએ તેનું સ્વાગત કર્યું. પરંતુ સમાજવાદી પાર્ટી અને ભાજપના જ અંદરના વર્ગો દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમાં પણ તે સમયે ભાજપના સાંસદ ઉમા ભારતીએ તો એવી માંગણી કરી હતી કે પંચાયતી રાજની જેમ અહીં પણ પછાત જાતિની મહિલાઓ માટે અલગથી અનામત હોવી જોઈએ. આ માંગણીને કારણે જ 'ક્વોટા-ઇન-ક્વોટા'ની નવી લડાઈ શરૂ થઈ હતી. 1998માં જ્યારે અટલ બિહારી વાજપેયી સરકારે બિલ ફરીથી રજૂ કર્યું ત્યારે સભ્યોએ સખત વિરોધ કર્યો અને ગૃહની અંદર જ કાયદાની નકલો છીનવીને ફાડી નાખી. AIADMKના વડા જે. જયલલિતાએ ટિપ્પણી કરી કે, 'પુરુષો આ બિલના સમર્થનમાં ફક્ત ઢોંગ કરી રહ્યા છે, મનથી તો તેઓ આ બિલને રોકવા જ માંગે છે.' જનતા દળના નેતા શરદ યાદવે તો એવી વિવાદિત ટિપ્પણી કરી કે, 'અમે એવું નહીં થવા દઈએ કે માત્ર 'પરકટી મહિલા' (ટૂંકા વાળવાળી, શહેરી મહિલા) જ સંસદમાં આવે.' આરજેડીના લાલુ પ્રસાદ યાદવે એવા આક્ષેપો કર્યા કે, આ બિલ લઘુમતીઓ અને પછાતોનો ગળું દબાવી રહ્યું છે. આ વિરોધ એટલો તીવ્ર હતો કે 1999માં સરકાર પડતાં જ આ બિલ રદ થઈ ગયું. ફરીથી અનામત બિલ માટે બાદમાં 2008માં યુપીએ સરકારે ફરી પ્રયાસો કર્યા હતા. જોકે, તેમાં પણ વિરોધીઓ અડી ગયા હતા. શરદ યાદવે સંસદમાં એવું કહ્યું કે, અમારી પાસે સંખ્યાબળ નથી પરંતુ આ બિલનો વિરોધ કરવા માટે હું મરવા તૈયાર છું. જે તે સમયે સમાજવાદી પાર્ટીના મુલાયમસિંહે આ બિલને નેતૃત્વ ખતમ કરનારું 'કાવતરું' ગણાવ્યું હતું. મુલાયમસિંહે એવી વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી કે, 'ગ્રામીણ મહિલાઓ 'એટલી આકર્ષક' હોતી નથી, તેથી ફક્ત ઉદ્યોગપતિઓ અને અધિકારીઓની પત્નીઓ અને દીકરીઓ જ આગળ આવશે.' 9 માર્ચ, 2010ના રોજ બિલ રજૂ કરવામાં આવ્યું ત્યારે ગૃહમાં ભારે ધમાલ મચી. 7 સાંસદોએ સ્પીકરના પોડિયમ પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો અને બિલ ફાડી નાંખ્યું. તેમને માર્શલ દ્વારા બહાર કાઢવામાં આવ્યા. બિલ રાજ્યસભામાં તો પસાર થઈ ગયું, પરંતુ લોકસભામાં ક્યારેય રજૂ ન થઈ શક્યું. આખરે 2023માં તમામ રાજકીય પક્ષો સમજી ગયા કે મહિલાઓને અનામત આપ્યા વિના છૂટકો નથી અને તેને કારણે 2023માં આ બિલ પાસ થઈ ગયું હતું. હવે ખરી કસોટી મહિલાઓની છે. મોટાભાગે એવું થાય છે કે મહિલાઓ ચૂંટાયા બાદ તેમના સ્થાને તેમના પતિ જ વહીવટ કરે છે. જેને કારણે ભારે વિવાદો થાય છે. મહિલા અનામતનો અમલ શરૂ થઈ જશે પરંતુ સાથે સાથે આ વાતનો તમામ રાજકીય પક્ષોએ ખ્યાલ રાખવાનો રહેશે કે જે મહિલાઓને ટિકિટ આપવામાં આવે તે મહિલા એટલી સક્ષમ હોવી જ જોઈએ કે જે પોતાના પદની ગરીમાને શોભાવી શકે. જો આવી મહિલાઓ રાજકારણમાં આવશે તો જ આ બિલની સાર્થકતા રહેશે તે નક્કી છે.

# ભાજપમાં બહારથી આવેલાનો દબદબો વધતો જાય છે

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો આવે એ પહેલાં બિહારથી ભાજપ માટે લાપસીનાં આંધણ મૂકી શકાય એવા સમાચાર આવ્યા છે. બિહારમાં પહેલી વાર ભાજપના મુખ્યમંત્રી સત્તાનાં સૂત્રો સંભાળે છે. સમ્રાટ ચૌધરી નવા મુખ્યમંત્રી બન્યા છે. ભાજપ માટે આ એક મોટી સિદ્ધિ છે પણ સાથે એક વાત નોંધવા જેવી એ છે કે, ભાજપમાં બીજા પક્ષમાંથી આવી મંત્રી અને મુખ્યમંત્રી બનવા સુધીના કિસ્સાઓનું પ્રમાણ વધતું જાય છે. 'બહારનાં' લોકો ખુરશી પર બેસવા લાગ્યાં છે અને એ કારણે પક્ષનાં કાર્યકર્તાઓમાં એક પ્રકારે અસંતોષ પણ છે. એટલું જ નહીં આ કારણે પક્ષના મૂળ તાણાવાણા છે એ તૂટી રહ્યા છે. જેનું નુકસાન ભવિષ્યમાં થઇ શકે છે.સમ્રાટ ચૌધરીનો ઈતિહાસ સુવિદિત છે. એ પહેલાં આરજેડીમાં હતા. મંત્રી બનેલા પછી જેડીયુમાં આવ્યા અને મંત્રી હતા બાદમાં ભાજપમાં આવ્યા અને હવે મુખ્યમંત્રી બન્યા છે. આવું પ્રમાણ હિન્દીભાષી રાજ્યોમાં ઓછું છે પણ ઈશાન ભારતમાં ઘણું બધું છે.

શરૂઆત કરીએ બહુચર્ચિત ચહેરો હિમંત બિસ્વા શર્માથી. તેઓ લાંબા સમય સુધી કોંગ્રેસમાં હતા. તરુણ ગોગોઈની સરકારમાં મંત્રી પણ રહ્યા હતા. ૨૦૧૫માં તેઓ ભાજપમાં જોડાયા અને ૨૦૨૧માં આસામના મુખ્યમંત્રી બન્યા. બીજા મુખ્યમંત્રી પણ તપાસનો સામનો કરી રહ્યા છે. અરુણાચલનાં મુખ્યમંત્રી પેમા ખાંડુ. તેઓ મૂળ કોંગ્રેસમાંથી મુખ્યમંત્રી બન્યા હતા, ત્યાર બાદ આખો પક્ષ લઈને પીપલ્સ પાર્ટી ઓફ અરુણાચલમાં જોડાયા અને અંતે ૨૦૧૬ના અંતમાં ભાજપમાં ભળી ગયા. અત્યારે ભાજપના મુખ્યમંત્રી તરીકે કાર્યરત છે. એમની સામે ભ્રષ્ટાચારની તપાસ શરૂ થઈ છે.

કેટલાક દાખલા વિશિષ્ટ છે. ઉત્તરાખંડમાં વિજય બહુગુણા કોંગ્રેસના મુખ્યમંત્રી હતા, પરંતુ ૨૦૧૬માં બળવો કરીને ભાજપમાં જોડાયા હતા. જો કે, તેઓ ભાજપમાં આવ્યા પછી ફરી મુખ્યમંત્રી બન્યા નહોતા, પણ તેમના પક્ષપલટાએ ભાજપને સત્તા મેળવવામાં મદદ કરી હતી. જગદંબિકા પાલ મૂળે કોંગ્રેસનાં નેતા હતાં. ૧૯૯૮માં તેમણે કલ્યાણ સિંહની સરકાર સામે બળવો કરીને માત્ર ૪૮ કલાક માટે મુખ્યમંત્રી પદ મેળવ્યું હતું (જો કે તે વિવાદાસ્પદ હતું). પાછળથી તેઓ ભાજપમાં જોડાયાં હતાં. જો કે, ભાજપમાં જોડાયા બાદ તેઓ મુખ્યમંત્રી નથી બન્યાં પણ સાંસદ તરીકે કાર્યરત છે.મધ્યપ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયા કોંગ્રેસ છોડીને ભાજપમાં આવ્યા ત્યારે ભાજપની સરકાર તો બની, પણ મુખ્યમંત્રીપદ માટે ભાજપે પોતાના જ નેતા શિવરાજસિંહ ચૌહાણ પર પસંદગી ઊતારી હતી. ગુજરાતના વર્તમાન મંત્રીમંડળમાં અન્ય પક્ષમાંથી આવેલા મુખ્ય ચહેરાઓમાં અર્જુન મોઢવાડિયા છે. તેઓ ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને વિપક્ષી નેતા રહી ચૂક્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલાં તેઓ ભાજપમાં જોડાયા હતા. હાલમાં તેઓ ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં કેબિનેટ મંત્રી તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે. બીજા છે કુંવરજી બાવળિયા. લાંબો સમય કોંગ્રેસમાં રહ્યા હતા. ૨૦૧૮માં ભાજપમાં જોડાયા બાદ તેમને તરત જ મંત્રીપદ આપવામાં આવ્યું હતું. હાલના મંત્રીમંડળમાં પણ તેઓ કેબિનેટ મંત્રી તરીકે કાર્યરત છે. રાઘવજી પટેલ અગાઉ કોંગ્રેસમાં હતા. ૨૦૧૭માં ભાજપમાં આવ્યા બાદ તેઓ સરકારમાં કૃષિ મંત્રી જેવો મહત્ત્વનો હોદ્દો સંભાળી ચૂક્યા છે. બલવંતસિંહ રાજપૂત કોંગ્રેસના મુખ્ય દંડક હતા. ૨૦૧૭ની રાજ્યસભા ચૂંટણી વખતે તેઓ ભાજપમાં જોડાયા હતા. અત્યારે તેઓ મંત્રીમંડળમાં ઉદ્યોગ અને શ્રમ-રોજગાર જેવા મહત્ત્વના વિભાગોના કેબિનેટ મંત્રી છે. ગુજરાતના ૨૫-૨૬ મંત્રીઓના મંડળમાં લગભગ ૨૦% થી ૨૫% મંત્રીઓ એવા હોય છે, જેઓ કારકિર્દીના કોઈ તબક્કે અન્ય પક્ષમાંથી ભાજપમાં આવ્યા હોય.

કેન્દ્રની મોદી સરકારની વાત કરીએ તો ૨૦૨૪માં રચાયેલી કેન્દ્ર સરકારના મંત્રીમંડળમાં અન્ય પક્ષોમાંથી આવેલા નેતાઓની સંખ્યા સારી એવી છે. જ્યોતિરાદિત્ય સિંધિયા, જિતિન પ્રસાદ, રાવ ઈન્દ્રજીત સિંહ અને સર્બાનંદ સોનોવાલ જેવા નેતાઓ અગાઉ કોંગ્રેસ અથવા પ્રાદેશિક પક્ષોમાં હતા. કેન્દ્રના ૭૧ મંત્રીઓમાંથી અંદાજે ૧૫ ટકાથી ૨૦ ટકા નેતાઓ પાયાના ભાજપી કાર્યકરોને બદલે અન્ય પક્ષોમાંથી આવેલા છે.

ભાજપશાસિત રાજ્યોમાં સ્થિતિ જોઈએ તો ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં ભાજપના મંત્રીમંડળના લગભગ ૪૦ ટકા થી ૫૦ ટકા નેતાઓ એવા છે જેઓ અગાઉ કોંગ્રેસ કે સ્થાનિક પક્ષોમાં હતા. આસામમાં તો મુખ્યમંત્રી પોતે પણ પૂર્વ કોંગ્રેસી છે.

મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના (શિંદે)-NCP (અજિત પવાર) ની સરકાર હોવાથી, મંત્રીમંડળમાં મોટી સંખ્યામાં એવા નેતાઓ છે જેઓ ભાજપની મૂળ વિચારધારાના નથી. મધ્ય પ્રદેશ અને હરિયાણામાં અન્ય પક્ષમાંથી આવેલા નેતાઓનું મંત્રીમંડળમાં પ્રમાણ આશરે ૨૦% થી ૩૦% જેટલું રહે છે.

બીજા પક્ષોના નેતાઓને તોડી પોતાના પક્ષમાં લાવવા અને એથી ભાજપ સત્તા તો મેળવે છે પણ એ કારણે પક્ષનું જે પોત છે, અનુશાસન છે એ તૂટે છે. ભાજપને અત્યારે કોઈ નુકસાન નથી પણ ભવિષ્યમાં ભાજપની વિચારધારા અને પક્ષના તાણાવાણાને જરૂર નુકસાન થઈ શકે છે. પાર્ટી વિથ અ ડીફરન્સ તો એ રહ્યો નથી.

> **'બહારનાં' લોકો ખુરશી પર બેસવા લાગ્યાં છે અને એ કારણે પક્ષનાં કાર્યકર્તાઓમાં એક પ્રકારે અસંતોષ પણ છે. એટલું જ નહીં આ કારણે પક્ષના મૂળ તાણાવાણા છે એ તૂટી રહ્યા છે**

### કેજરીવાલની હિંમતને દાદ દેવી પડે

અરવિંદ કેજરીવાલ અન્ના આંદોલનમાંથી જન્મ્યા અને ત્યારથી અત્યાર સુધીમાં એમનામાં ઘણો બદલાવ આવ્યો છે અને એ ચર્ચાસ્પદ રહ્યો છે. એમની સામે અનેક પ્રકારે આક્ષેપો છે. દિલ્હીના મુખ્યમંત્રી હતા ત્યારે જ એમને શરાબનીતિના મુદ્દે અંદર કરી દેવાયા. જેલમાં ખાસ્સો સમય રહ્યા અને બાદમાં કોર્ટે એમને બાઈજ્જત બારી કર્યા. એમની સામે કોઈ ગુનો બનતો નથી એમ કહ્યું. હવે કેસ હાઈકોર્ટમાં પહોંચ્યો છે અને ત્યાં અદ્ભુત દૃશ્યો રચાયાં છે. ભારતના કાનૂની ઈતિહાસમાં કદાચ પહેલી વાર બન્યું છે કે, કોઈ પૂર્વ મુખ્યમંત્રી પોતાના કેસની પેરવી ખુદ કરતા હોય અને એમણે જજ સ્વર્ણકાન્તા શર્મા સામે દલીલો રજૂ કરી તેઓ પક્ષપાતી બની શકે છે માટે એમણે આ કેસમાંથી હટી જવું જોઈએ એવી દલીલો તર્કબદ્ધ રીતે કરી. કેજરીવાલે દાવો કર્યો છે કે જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માનાં બાળકો કેન્દ્ર સરકારના પેનલ કાઉન્સિલ (સરકારી વકીલોની પેનલ)માં સામેલ છે. કેજરીવાલે આને 'હિતોના સંઘર્ષ'નો ગંભીર મામલો ગણાવ્યો છે. કેજરીવાલે સોગંદનામામાં જણાવ્યું છે કે સોલિસિટર જનરલ તુષાર મહેતા, જેઓ આબકારી નીતિ કેસમાં સીબીઆઈ તરફથી હાજર થાય છે, તેઓ જ આ પેનલ કાઉન્સિલને કેસની ફાળવણી કરે છે. આથી, નિષ્પક્ષ સુનાવણી અંગે શંકા ઊભી થાય છે. કેજરીવાલે આ પહેલાં પણ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને પત્ર લખીને જસ્ટિસ શર્માને આ કેસથી અલગ કરવાની માંગ કરી હતી. આ ઉપરાંત, આ મામલે તેમની એક અરજી સુપ્રીમ કોર્ટમાં પણ પેન્ડિંગ છે. આગળ આ કેસમાં શું બને છે એ રસપ્રદ બનવાનું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સાચી વાત જણાવી દો

પીહુ હવે ધોરણ દસ પાસ કરી, સ્કૂલ છોડી કોલેજમાં દાખલ થઇ. કોલેજના દિવસો શરૂ થયા, મિત્રો બન્યા, ભણી પણ લીધું અને હવે પીહુનો આજે જોબ પર જવાનો પહેલો દિવસ હતો. ઘણી બધી સૂચનાઓ મળી.'ધ્યાન રાખજે.' 'પોતાનું કામ મન લગાવીને કરજે'...'કૈંક બરાબર ન લાગે તો તરત ઓફિસમાં બોસને કે અમને વાત કરજે.' 'કોઈ તારી પર પોતાનું કામ થોપે કે અન્યાય જેવું વર્તન કરે તો સહન કરતી નહીં.' પીહુએ વિચાર્યું કે આ લોકો તો માત્ર ચિંતા કરે એટલે આટલી સલાહો આપે છે. પીહુ ઓફિસમાં ગઈ તેનો પહેલો પ્રોજેક્ટ અને કામ મળ્યું. કામમાં કઈ સમજ ન પડતા તે તેની ટીમ લીડર પાસે ગઈ તો તેણે 'આટલું નથી આવડતું...' એમ કહીને મજાક ઉડાડી અને કઈ ન શીખવ્યું. પીહુ થોડી ટેન્શનમાં આવી ગઈ. ઘરે જઈ તેણે મમ્મીને વાત કરી,



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

મમ્મીએ કહ્યું, 'આવું તો થશે કોઈ મદદ કરશે પણ મોટાભાગના નહીં કરે તું જાતે શીખ અને માર્ગ કાઢ અથવા તારા મિત્રોને પૂછ.' પીહુએ આખી રાત જાગીને કામ કઈ રીતે કરવું તે શીખી લીધું અને બીજે દિવસે ઓફિસમાં જઈને પોતાનું કામ બરાબર કર્યું. ટીમ લીડરે વિચાર્યું હતું કે આજે પણ તે મને પૂછવા આવશે ત્યારે થોડું વધુ ખીજાઈને પછી શીખવાડીશ પણ પીહુએ પોતાનું કામ બરાબર કરી લીધું. સાંજે પ્રોજેક્ટ હેડે પૂછ્યું, 'પીહુ તને આ બધું કોણે શીખવાડ્યું. તારી ટીમ લીડરે?' પીહુ કઈ ન બોલી... ન હા કે ન ના...તેણે મનમાં વિચાર્યું ભલે ટીમ લીડરે મદદ ન કરી પણ તેમણે મદદ ન કરી એટલે મેં મારી જાતને પુશ કરી વધુ મહેનત કરી જાતે શીખ્યું અને મને બધું આવડી ગયું. ટીમ લીડર પણ ચૂપ જ રહી. ઘરે જઈને તેણે મમ્મીને કહ્યું, 'મમ્મી મેં ટીમ લીડરની ફરિયાદ પ્રોજેક્ટ હેડને ન કરી તે સારું કર્યું ને...' મમ્મીએ કહ્યું, 'હા દીકરા, આમ તો તે સારું કર્યું પણ હવે પછી યાદ રાખજે આપની સાથે જે કઈ ખોટું થાય અને તેમાંથી આપણે આપણો રસ્તો કાઢી લઈએ તે બહુ સારી વાત છે, પણ આ તારી પહેલી જોબ છે આગળ આવું ઘણું થશે એટલે જે થાય તે સારી રીતે જણાવી દેવું જરૂરી છે. કોઈને માઠું પણ ન લાગે ...તું બધાની ફરિયાદ કરે છે તેમ પણ ન લાગે તે રીતે જણાવી દેવાની આવડત પણ તારે કેળવવી પડશે, આ કોમ્પિટીશનની દુનિયામાં આ બધું પણ શીખવું પડશે. બીજે દિવસે પીહુએ ટીમ લીડરને બધાની સામે મીટીંગમાં થેન્કયુ કાર્ડ આપ્યું અને કહ્યું, 'તમે ચેલેન્જ આપી કે જાતે શીખો અને કરો એટલે જ હું આ કામ જાતે શીખીને કરી શકી.' કોઈને ખરાબ ન લાગ્યું પણ બધાને સાચી વાતની ખબર પડી ગઈ.

# નીતીશનું મુખ્યમંત્રી પદથી રાજ્યસભામાં સંક્રમણ?

## રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

> **નીતીશ કુમારની નવી સફર: 'સુશાસન બાબુ'નો અસ્ત કે અનિચ્છનીય વિદાય?**

એક ગૌરવશાળી રાજકીય પ્રકરણનો કરુણ અંત! બિહારના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેલા નીતીશકુમારની રાજકીય વફાદારીને રેતીની જેમ વારંવાર બદલવાની વૃત્તિ હોવા છતાં તેમની રાજકીય અને વહીવટી સિદ્ધિઓને ઓછી આંકવી ન જોઈએ. તે બિહારના ઈતિહાસમાં એક કડવો પણ રસપ્રદ રાજકીય પ્રકરણને પ્રતિબિંબિત કરે છે, જે કદાચ ધોળા દિવસે કરવામાં આવેલો એવો અત્યંત ખરાબ પ્રકારનો રાજકીય દાવપેચ છે જેની સામે આ કાવતરું ઘડવામાં આવ્યું હતું, તેની જ સક્રિય ભાગીદારીથી આ પૂર્ણ થયું. તેઓ માત્ર આ રાજકીય ષડયંત્રનો હિસ્સો જ ન બન્યા, સ્વેચ્છાએ કે અનિચ્છાએ (એ તો સમય જ બતાવશે), પરંતુ તેમણે રાજકીય ક્ષેત્રના કેટલાક નિયમો ફરીથી લખવાનો પણ પ્રયાસ કર્યો. તે રાતોરાત ગઠબંધન બદલવા કરતાં પણ એક ડગલું આગળની વાત હતી, જેના માટે વિચિત્ર તથા કેટલીક વાર નબળા તર્ક આપીને બધું જ 'બિહારના કલ્યાણ' પર આધારિત કરી દેવામાં આવ્યું.

ખેર, નીતીશબાબુ આખરે સંસદના ઉપલા ગૃહ, જે લોકપ્રિય રીતે રાજ્યસભા તરીકે ઓળખાય છે, તેના માનનીય સભ્ય બની ગયા છે. બિહાર જેવા રાજકીય રીતે સૌથી મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક રાજ્યની મુખ્યમંત્રીની ખુરશી ખાલી કરવાના બદલામાં તેમને આ પદ મળ્યું છે. જો તેમને ટાંકીને આવેલા અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો રાજ્યસભાના સાંસદ બનવું એ તેમની રાજકીય કારકિર્દીના સંધ્યાકાળમાં તેમની પ્રબળ ઈચ્છા હતી, જેના માટે તેમને મુખ્યમંત્રીપદ છોડવામાં કોઈ વાંધો નહોતો. આ તેમના નજીકના સાથીઓ માટે પણ ભારે આશ્ચર્યજનક છે, સિવાય કે જેમના પર કેન્દ્રમાં સત્તામાં રહેલાં લોકો સાથે મળીને તેમને પટનાથી નવી દિલ્હી મોકલવાનું કાવતરું ઘડવાનો આરોપ છે.

દુઃખદ પરિમાણો ધરાવતા આ રાજકીય એપિસોડના કેન્દ્રમાં ભાજપના હવે લોકપ્રિય 'ઓપરેશન લોટસ'નું નવું સ્વરૂપ છે, જેનો સીધો ઉદ્દેશ ચૂંટણી દ્વારા અથવા અન્યથા સત્તા કબજે કરીને પક્ષના પદચિહ્નોનો વિસ્તાર કરવાનો છે.

હાલની સ્થિતિ કેવી રીતે ઊભી થઈ તે ચિંતાનો વિષય અને ઊંડી તપાસનો વિષય છે. કુમાર જેવા ચતુર, સક્ષમ અને પ્રામાણિક રાજકીય નેતા 'ઓપરેશન લોટસ'ના નવા સ્વરૂપની જાળમાં કેવી રીતે ફસાયા? છેવટે, તેમની અંદર રહેલો સમાજવાદી નેતા દાયકાઓથી ભાજપનો સાથી રહ્યો છે અને તેમના અન્ય વૈચારિક સાથીદારો જેમ કે પૂર્વ સંરક્ષણ મંત્રી જ્યોર્જ ફર્નાન્ડિસની જેમ તેમના પર પણ કેસરી પક્ષના વિકાસમાં મદદ કરવાનો આરોપ મૂકી શકાય છે. આ પૃષ્ઠભૂમિમાં સાથી પક્ષને થાળીમાં ધરીને મુખ્યમંત્રીપદ સોંપવાને બદલે તેમને રાજ્યસભામાં મોકલવા કરતાં તેઓ વધુ સારા વ્યવહારના હકદાર હતા.કુમારની મદદ અને સહાય વિના ભાજપ માટે વર્તમાન સ્થિતિએ પહોંચવું શક્ય ન હોત. ભલે ગમે તે કારણો હોય. પોતાના વધુ ચતુર સમાજવાદી મિત્રો, લાલુપ્રસાદ યાદવ અને સ્વર્ગસ્થ રામવિલાસ પાસવાન (જો કે પાસવાન બાદમાં થોડા સમય માટે કેસરી છાવણીમાં જોડાયા હતા)ને પછાડવા માટે. રાજ્યસભાના નવનિયુક્ત સભ્ય પાસે ભાજપ સાથે હાથ મિલાવવા સિવાય કોઈ વિકલ્પ દેખાયો નહીં, જે અંતે તેમના પતનનું કારણ સાબિત થયું છે. કુમારની નિષ્કલંક છબીએ તેમની સમગ્ર રાજકીય કારકિર્દીમાં તેમને સારી સ્થિતિમાં રાખ્યા હતા અને તેઓ મુખ્યમંત્રી તરીકે હોય કે કેન્દ્રીય મંત્રી તરીકે, પોતાની છાપ છોડવામાં સફળ રહ્યા હતા, જેના કારણે તેમને 'સુશાસન બાબુ'નું બિરુદ મળ્યું હતું. પરંતુ અંતે વ્યવહારુ અને તોડજોડવાળી રાજનીતિની અનિશ્ચિતતાઓએ તેમના મૂલ્ય-આધારિત રાજકીય આધાર પર વિજય મેળવ્યો હોય તેમ લાગે છે. ચોક્કસપણે, કુમારનું મુખ્યમંત્રીપદેથી હટવું અને દિલ્હીની સફર ખૂબ જ સાદગીપૂર્ણ રહી છે. દેખીતી રીતે, તેનાથી તેમને કે તેમના સમર્થકોને કોઈ ખુશી મળી નથી. તે જ સમયે તેમની નબળી પડતી સ્થિતિએ જનતા દળ (યુ) ના ભવિષ્ય પર પણ એક મોટો પ્રશ્નાર્થચિહ્ન મૂક્યું છે, કારણ કે,ભાજપના વ્યૂહરચનાકારો તેના રાજકીય આધાર પર નજર રાખી રહ્યા છે. ઓડિશાની તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને કુમારે એ બાબતે ચિંતિત થવું જોઈએ. કારણ કે, ત્યાં પણ સમાન વ્યૂહરચનાકારોએ ભાજપના જૂના અને વિશ્વાસુ સાથી, બીજુ જનતા દળને સક્રિયપણે ખૂણામાં ધકેલી દીધું હતું. પક્ષના વડા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નવીન પટનાયક માત્ર તેમના જૂના સાથીના હાથે ચૂંટણીમાં હાર બાદ ઘાયલ નથી, પરંતુ વધુ આશ્ચર્યજનક રીતે તેમણે જોયું કે તેમના પ્રખ્યાત પિતા, ઉચ્ચ કક્ષાના રાજકીય નેતા, સ્વતંત્રતા સેનાની અને ફાઈટર પાઈલટ, બીજુ પટનાયકને ભાજપના એક સામાન્ય નેતા દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા, જેણે કથિત રીતે તેમને સીઆઈએ એજન્ટ તરીકે વર્ણવ્યા હતા, પરંતુ દબાણ આવતાં તેઓએ પોતાનું નિવેદન પાછું ખેંચ્યું હતું.

કુમારને એ વાતનું શ્રેય આપવું જોઈએ કે,તેમણે તેમના જૂના મિત્રો યાદવ અને પાસવાનથી વિપરીત, ખાસ કરીને તેમના પોતાના પરિવારમાં વંશવાદી રાજકારણને પ્રોત્સાહન આપ્યું નથી. કારણ કે, તે બંનેનાં સંતાનો હવે તેમના રાજકીય પક્ષોને નિયંત્રિત કરી રહ્યા છે. એવી રાજકીય પરિસ્થિતિ ઊભી થઈ છે અથવા ઊભી કરવામાં આવી છે, જ્યાં લાચાર કુમારને તેમના પુત્રને રાજકારણમાં લાવવાની ફરજ પડી છે, જ્યારે એવું નથી લાગતું કે સત્તાની બાગડોર સંપૂર્ણ રીતે તેમના હાથમાં છે. નીતીશકુમારના સ્થાને મુખ્યમંત્રી તરીકે ભાજપના ઉમેદવાર તરીકે સમ્રાટ ચૌધરીનું નામ ખાસ કરીને બિહારનાં લોકો માટે બહુ સારા સંકેત નથી, જેમણે છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં નીતીશકુમારના નામે શાસક ગઠબંધનને બીજી વાર સત્તામાં બેસાડ્યું હતું. જો બિહારનાં લોકો વિશ્વાસઘાતની લાગણી અનુભવે અને રાજ્યમાં સત્તાના વર્તમાન પરિવર્તન માટે તેમને જવાબદાર ગણાવે તો આશ્ચર્ય થવું જોઈએ નહીં. ગમે તે હોય, ચૌધરી માટે કુમારના પગરખામાં પગ મૂકવો એ મુશ્કેલ કાર્ય છે. તેમની શૈક્ષણિક લાયકાત અને વ્યક્તિગત ટ્રેક-રેકોર્ડને લીધે પહેલાથી જ વિવાદોમાં ઘેરાયેલા હોવાથી, શું તેમનામાં સ્વતંત્ર નિર્ણયો લેવાની અને નવી દિલ્હીના દબાણનો પ્રતિકાર કરવાની ક્ષમતા છે કે કેમ તે અંગે પ્રશ્નાર્થ ચિહ્ન છે.

તેમ છતાં, કુમારનો તેમની રાજ્યસભામાં જવાની 'મહત્ત્વાકાંક્ષા' પૂરી કરવાનો 'લાભ' બિહારનાં લોકો માટે ચોખ્ખું નુકસાન છે કારણ કે, ચૌધરી ભાજપ-આરએસએસના દાયરામાં બહારના વ્યક્તિ હોવાથી આગામી મહિનાઓમાં સંઘ પરિવારના જૂના અને વફાદાર નેતા આ પરિસ્થિતિ પર કેવી પ્રતિક્રિયા આપે છે તે જોવું રસપ્રદ રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સુરતના વિસરાયેલા વારસાને ઉજાગર કરતું ગુજરાતમિત્ર

ગુજરાતમિત્રની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાયું છે. દર શુક્રવારે આવતી સિટીપલ્સ પૂર્તીમાં શરૂ થયેલી ''વિસરાયેલો વારસો'' કટાર એ ખરેખર આપણી ભૂંસાતી જતી ધરોહરને ઉજાગર કરી જીવિત રાખવામાં મોટો ફાળો ભજવી રહી છે. તા.10મી એપ્રિલના અંકમાં પ્રકટ થયેલો રૂસતમપુરના પારસી મહાજન રૂસતમજી માણેક અને તેમના વંશજો વિશેનો લેખ અદ્દભૂત, ખૂબ માહિતીસભર અને રોચક રહ્યો. તેમની કથા અને ઈતિહાસ માત્ર સુરતીઓ માટે જ નહી પણ સમગ્ર પારસી સમાજ માટે પણ એક વિસરાયેલા વારસા સમાન જ છે. હાલની યુવા પેઢી માટે તો સુરતના આવા મહાજનો અને શહેરની તે સમયની જાહોજલાલી અને સમૃદ્ધિ વિશે કલ્પના કરવી પણ અઘરી છે. આ વિભાગ શરૂ કરવા બદલ હું ગુજરાતમિત્રને અને આ કટારના લેખક વિમ્મી ચેવલીજીને આટલી પુરાણી, સચોટ અને મજેદાર માહિતી પીરસવા બદલ ખૂબ અભિનંદન પાઠવું છું. સોનેરી સુરતના ભવ્ય ભૂતકાળના આવા રસપ્રદ કિસ્સાઓ ખૂંદીને પ્રકાશિત કરતાં રહો અને શહેરની વિસરાતી જતી વિરાસતને ફરી ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય કરતાં રહો!

**સુરત - રોની ડી. વરિયાવા**

### વાહનોમાં 'ડીપર' શું કામ લગાવવામાં આવે છે?

વાહનો હાંકનાર ચાલકો પોતાના વાહનમાં આવેલ હેડલાઈટના ડીપરનો ઉપયોગ જે તે સમયે કરતા ન હોવાને કારણે પોતે અથવા આમ આદમી અકસ્માતનો ભોગ બને છે. વાહનોમાં 'ડીપર'ની સુવિધા એટલા માટે જ કરવામાં આવેલી છે કે રાત્રીના સમયે વાહન હાંકનાર ચાલકને સામેનો રસ્તો ચોખ્ખો દેખાય પરંતુ શરમજનક બાબત છે કે રસ્તો દેખાતો ન હોઈ વાહન હાંકનાર ચાલક પોતાના વાહન દ્વારા સામેથી આવતા વાહનચાલક પાસેથી ડીપર માગે છે. ડીપર આપવાનો સંકેત આપે છે છતાં સામેથી આવનાર વાહનોનાં કેટલાંક ચાલકો કોઈ પણ સંજોગોમાં ડીપર આપતાં નથી. પરિણામે વાહનચાલકનો કાબૂ રહેતો નથી અને આંખો અંજાઈ જાય છે અને મોટી દુર્ઘટના સર્જાય છે. દુર્ઘટનામાં કોઈના હાથ-પગ ભાંગે છે તો કોઈનું મૃત્યુ પણ થાય છે. આવા અકસ્માતમાં ભોગ બનનાર નિર્દોષ વ્યકિતના પણ પોતાના કોઈ અરમાનો સપનાંઓ હોઈ શકે અને જયારે આવી વ્યકિતઓના મૃત્યુથી પરિવાર પર શું વીતતી હશે. આપણી બેજવાબદારી, નિષ્કાળજી, અનુશાસન, નજીવી ભૂલ બીજાનો ભોગ બને એ દુઃખદ છે અને જયારે સરકારે પણ વાહનોમાં LED લાઈટ (ફોકસ) લગાવવા ઉપર પ્રતિબંધ મૂકયો છે તો આ બધી બાબતોને ખૂબ જ ગંભીરતાથી સમજી આવી દુર્ઘટનાઓ ન બને, કોઈની જાનહાનિ ન થાય માટે વાહનચાલકોએ સામેથી આવતા વાહનચાલકને સહકાર આપી 'ડીપર'નો સદુપયોગ કરવામાં આવે એ હિતાવહ છે.

**વ્યારા - કિરણ કે. વાણી**

### વિવિધભારતી ગીતમાલા

તા. 8-4-2025ના ચર્ચાપત્ર વિભાગમાં જગદીશ પાનવાલાનું ઉપરોકત પોગ્રામ બાબતે ખૂબજ સુંદર લેખ આલેખ્યો છે. જે પોગ્રામ નિયમીત સાંભળુ છે. જે દરમિયાન 10 મિનીટ પોગ્રામ રોકીને ગુજરાતી સમાચાર આપવામાં આવે છે. જે બાબતે બે વર્ષ પહેલા આકાશવાણી સુરતથી લેખીત ફરિયાદ મોકલી હતી. પરંતુ હજુ સુધી કોઈ જવાબ આવ્યો નથી. તા. 9-4-2926ના રોજ ચર્ચાપત્ર પિયુષ મહેતા એ પણ આ બાબતે ખંડિત મનોરંજન વિષે લેખ લખ્યો છે ખરેખર પોગ્રામો સારા હોય છે. પરંતુ મનોરંજન ખંડિત થાય છે એ વિષે આકાશવાણી યોગ્યરજુઆરી સાંભળી ફેરફાર કરે એજ આશા.

**- કુમુદ ચંદ્ર કે. જરીવાલા**

### ડીગ્રીના ઢગલા, સાચા શિક્ષકોનો અભાવ

બી.ઍડ્.ના શિક્ષણજગતમાં એક કડવો પ્રશ્ન ઊઠે છે કે ડિગ્રી તો સહેલાઈથી મળી રહી છે, પરંતુ સાચા શિક્ષકો ક્યાં છે? બી.ઍડ્.નો હેતુ શિક્ષકની તાલીમ આપવાનો છે, પરંતુ આજે તે ઘણી જગ્યાએ માત્ર “ઔપચારિકતાનું કેન્દ્ર”બનીને રહી ગયું છે. કાગળ પર પાઠ આયોજન સુંદર લાગે છે, ફાઈલો રંગીન બને છે, પરંતુ વર્ગખંડમાં અપાતું શિક્ષણ? તાલીમાર્થીઓને શીખવવામાં આવે છે કે “નોંધ કેવી રીતે સુંદર તૈયાર કરવી”, પરંતુ “બાળકને કેવી રીતે સમજવું” એ પ્રશ્ન અજવાળામાં આવતો જ નથી. પરિણામે, ડીગ્રી ધરાવતો શિક્ષક મળે છે, પરંતુ પ્રેરણા આપતો શિક્ષક દુર્લભ બની રહ્યો છે. સમાજ પણ અહીં નિર્દોષ નથી. ડિગ્રીને જ ગુણવત્તાનો માપદંડ માનવાની માનસિકતા, ઝડપી નોકરીની દોડ અને પાસ થવું એટલે પૂરતું જેવી વિચારસરણી આ સમગ્ર બાબતો શિક્ષણને વ્યવસાય બનાવી રહ્યું છે. આ પરિસ્થિતિમાં શિક્ષણ એક જવાબદારી નહીં, પરંતુ એક વ્યવહાર બની ગયું છે. જો હવે પણ આપણે સમજીશું નહીં, તો ભવિષ્યમાં તાલીમાર્થીઓ બી.ઍડ્.ની સાચી તાલીમથી નહીં, પરંતુ સમાજે ઉપજાવી કાઢેલી ખોટી પદ્ધતિઓથી ઘડાશે. અંતે આ વાસ્તવિકતા જોતાં સમજાશે કે તાલીમાર્થીઓને ડીગ્રી તો મળી પરંતુ તેઓ સાચા શિક્ષક બન્યા ખરા?

**સુરત - સાગર અનિલભાઈ ગાંધી**

### ચિંતા તો દરેક માનવીને હોય છે

જીવનની દરેક પળ ચિંતામાં જ વીતે છે. વિદ્યાર્થીકાળથી જિંદગીપર્યંત અનેક પ્રકારના પ્રશ્નો મુંઝવતા હોય છે. પ્રશ્નોનું સમાધાન યેનકેન પ્રકારે મળે છે પણ ધીરજ રાખવામાં આવે તો સમાધાન કરાવનારા સાચા માર્ગદર્શક મળી રહેવા જોઈએ. એમ કહેવાય કે ચિંતા એક જાતનો રોગ છે પણ આ રોગથી કોઈને મુક્તિ મળી નથી અને મળવાની નથી. માટે જીવન પસાર કર્યા વગર છૂટકો નથી.

**સુરત - ચંદ્રકાંત રાણા**

### શાંતિની શોધમાં

જ્ઞાની ભગવંતો કહે છે કે અનંતકાળ પછી મળેલા આ માનવભવમાં સુખી થવાની દરેકને ઈચ્છા હોય છે અને શાંતિની શોધમાં હોય છે. હકીકતમાં બાહ્ય પુરુષાર્થથી બાહ્ય ચીજોમાં ભૌતિક વસ્તુમાં સુખ-શાંતિ દેખાય છે. આંશિક અનુભવાય છે પણ એ શાશ્વત નથી. એ ભ્રમણા છે. પૂ. દવે-ગુરુ ફરમાવે છે કે હે માનવ સાચી શાશ્વત શાંતિ તારી અંદર જ (આધ્યાત્મિકતામાં જ) છે. માનવીનો શારીરિક શ્રમ ઘટી રહ્યો છે. જગતમાં એક બાજુ ધર્મપ્રવૃત્તિ, અનુષ્ઠાનો, પ્રભુજાપ, મંદિરો, (અન્ય જ્ઞાતિનાં ધર્મસ્થાનો) આરાધના સ્થળો, દીક્ષા જીવનની વધતી સંખ્યા, પુસ્તકોનાં પ્રકાશન, વ્રતો, જાહેર સભાઓ, વિવિધ ખાદ્યસામગ્રી, પ્રવચનો, શિબિરો, મોટા જમણવારો, બાહ્ય આડંબરો વિગેરે વધતાં જ જાય છે. શાંતિ માટે હકીકતમાં કોઈ પણ ધર્મની કોઈ પણ ધાર્મિક પ્રવૃત્તિ, વાચન, પ્રવચન, વ્રત, આરાધના કે તપથી મનને અંતર્મુખ થવાથી શાંતિ અચૂક મળે છે. છતાં આજે મોટા ભાગનાં માનવો, મોંઘવારી, મંદી, માંદગી, સંઘર્ષ, આંતરિક પારિવારિક અને સામાજિક (તથા રાષ્ટ્રીય) મતભેદને લીધે વિવિધ દોષો અને દુઃખોથી સંતપ્ત છે. ચિંતાથી મુંઝાઈ રહ્યાં છે ત્યારે શાંતિની આંતરિક શોધમાં કયાં જવું?

**સુરત - દીપકભાઈ મો. ટાંકલવાલા**

### 'પાણી મારું, ફૂલ તમારું'

આપણા દેશના મોટાભાગના કુટુંબોમાં સવારમાં ભક્તિનો માહેલ જોવા મળે છે. ખેડૂતો ખેતરે જતા અગાઉ, વેપારીઓ દુકાને જતા પહેલાં, વિદ્યાર્થીઓ શાળા - કોલેજ જતા અગાઉ, ગ્રહણીઓ ગૃહકાર્ય કરતા અગાઉ અને નોકરિયાતો નોકરીએ જતા પહેલાં પોતાના માનીતા દેવ-દેવીતાં દર્શને જતા હોય છે. તેમાંના કેટલાંક પાણી કે દૂધ લઈ ચઢાવો કરવા જતા હોય છે. આ પૈકી કેટલાક ભક્તો લોટામાં પાણી કે દૂધ લઈને જતી વખતે રસ્તામાં કોઈનાં ઘરના બગીચામાં ઉગેલું ફૂલ વગર રજાએ તોડી લે છે. આ રીતે ઘરમાલિકની વિના પરવાનગીએ પોતાનાં પાણી સાથે ચઢાવેલ ફૂલથી તેમના માતી- લીધેલ દેવ - દેવી ખુશ થાય કે નાખુશ થાય તે ખબર નથી. પૂરા દેશની વાત કરીએ તો દર અઠવાડિયે હજારો લીટર પાણી કે દૂધનો બગાડ થતો હશે. વિવેકાનંદે કહ્યું છે કે હે હાથ જોડી પ્રાર્થના કરવા કરતાં કોઈની મદદ માટે હાથ લંબાવવો સારી વાત છે. પૂજા, ભક્તિ, દર્શન, વ. લોકો પોતપોતાની માન્યતા પ્રમાણે કરવા હક્કદાર છે. પરંતુ આ પાણી - દૂધનો બગાડ અટકાવી શકાય તો સારું.

**- અશ્વિનકુમાર ન. કારીઆ**